ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૪/૨૦૪૧-૭૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૮/૦૭/૨૦૨૪

પ્રતિ,
શ્રી ભરતકુમાર આર. પટેલ
પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ.મા. શિક્ષક સંઘ મહામંડળ
C/o આણંદ હાઈસ્કુલ,
ટાઉન હોલ સામે,
આણંદ

વિષય:- પુન:પરીક્ષા લીધેલ વિદ્યાર્થી શાળા છોડી દીધેલ હોય તેમને ધો-૧૦માં અને ધો-૧૨ માં કેવી રીતે પ્રવેશ આપવો તે બાબત.
સંદર્ભ:- આપનો તા.૦૩/૦૭/૨૦૨૪નો પત્ર

ઉપરોક્ત વિષય અન્વયે આપના સંદર્ભદર્શિત પત્રથી જણાવેલ છે કે, ""ચાલુ વર્ષે જૂન-૨૦૨૪ માં ધો-૯ અને ધો-૧૧ માં રી-ટેસ્ટ લેવાનો નિર્ણય થયેલ. પરંતુ જે વિદ્યાર્થી રી-ટેસ્ટ નો નિર્ણય થયો તે પહેલાં શાળા છોડી અને L.C. લઇ ગયા હોય તેવા કિસ્સામાં પુન:પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીએ ધો-૧૦ માં ધોરણ-૧૨ માં શાળાના જી.આર પર કેવી રીતે નોંધ કરવી તેની યોગ્ય સ્પષ્ટતા કરવા તાત્કાલિક નિર્ણય લઇ અને માર્ગદર્શન પત્ર કરવા વિનંતી કરેલ છે.

આપની ઉક્ત રજૂઆત અન્વયે જણાવવાનું કે " ચાલુ વર્ષે જૂન-૨૦૨૪ માં ધોરણ-૯ અને ૧૧માં રીટેસ્ટ લેવાનો નિર્ણય થયો તે અગાઉ જે નાપાસ થયેલ વિદ્યાર્થીઓ શાળા છોડી L.C લઈ ગયા હોય અને ત્યારબાદ પોતાની શાળામાં કે અન્ય શાળામાં ધોરણ-૯ અને ધોરણ-૧૧માં પ્રવેશ મેળવેલ હોય અને આવા વિદ્યાર્થીઓ માટે શાળાએ પુન:પરીક્ષા(રી-ટેસ્ટ) લીધેલ હોય તેવા વિદ્યાર્થીની પુન:પરીક્ષા(રીટેસ્ટ) ના પરિણામને આધારે વિદ્યાર્થીઓને ધો-૧૦ અને ધો-૧૨ માં વર્ગ બઢતી આપવામાં આવેલ હોય તો તે મુજબની નોંધ શાળાના જનરલ રજીસ્ટર(G.R.)માં કરવાની રહેશે. જેમાં અત્રેની કચેરીના તા-૧૨/૦૬/૨૦૨૪ના વર્ગબઢતીના પરિપત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૭૦૬-૪૦ના આધારે વિદ્યાર્થીની પુન:પરીક્ષા (રી-ટેસ્ટ) લઇને ધો-૧૦ કે ધો-૧૨ માં વર્ગબઢતી આપેલ છે તે મુજબની નોંધ કરવાની રહેશે."

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

જા.નં.પરીક્ષા/બોર્ડ-પત્ર/૨૦૨૪/૨૫૬૩૪
જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
પંચમહાલ-ગોધરા
તા.૨૨/૦૭/૨૦૨૪

પ્રતિ
આચાર્યશ્રી,
મા. અને ઉ. મા. શાળા તમામ,
જી. પંચમહાલ.
૨/- જાણ તથા અમલવારી સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
પંચમહાલ-ગોધરા